# નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી

**ગાંધીનગર વન વિભાગ, ઘ-૪ નર્સરી, સેક્ટર-૧૭, ગાંધીનગર**

**ફોન : ૦૭૯-૨૩૨-૨૧૨૬૦, ફેક્સ : ૦૭૯-૨૩૨-૩૯૮૭૨, ઇ-મેલ : dcfgnr001@gmail.com**


**જાવક ક્રમાંક:** વસંઘા/૧૩/અ/૨૦૨૨-૨૩/૫૫૨-૫૩ **તારીખ:** ૨૦/૧૦/૨૦૨૨

**પ્રતિ,**
કાર્યપાલક ઇજનેરશ્રી,
પાટનગર યોજના વિભાગ-૩,
બ્લોક-બી, પ્રથમ માળ,
પાટનગર યોજના ભવન,
સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬

**વિષય:-** Diversion of **16.20 Ha.** Forest land for widening of Gandhinagar K-7-Randheja-Balva-Mansa Road KM (5/200 to 15/500) (FP/GJ/ROAD/154609/2022)

**સંદર્ભ:-** (૧) તેઓના પત્રાંક: પીબી/૧/૧૧૯૮/તા.૨૬/૦૪/૨૦૨૨
(૨) પ.વ.અ.બોરીજ ના પત્રાંક: અ/જમન/૩૪૧/તા.૨૨/૦૮/૨૦૨૨
(૩) પ.વ.અ.કલોલ ના પત્રાંક: પ્રપોઝલ/વસંઘા/અ/૩૨૭/તા.૧૨/૦૯/૨૦૨૨

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ઉકત સંદર્ભ પત્ર-૧ થી અત્રેને વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળ રોડ પહોળો કરવા મંજુરી અર્થે દરખાસ્ત મળેલ છે. જેની સ્થળ તપાસ ઉકત સંદર્ભ પત્ર-૨ અને ૩ દ્વારા થઇ આવી વિગતવાર અહેવાલ મળેલ છે. જેમાં આપની મુળ દરખાસ્ત થતા પ.વ.અ.બોરીજ તથા કલોલ દ્વારા મળેલ અહેવાલની પુષ્ટી કરતા નીચે મુજબની ક્ષતિ જોવા મળેલ છે.

(૧) ઉકત દરખાસ્તમાં એનેક્ષર-૫ સામેલ રાખેલ નથી.

(૨) એનેક્ષર-૬ ના પેટામાં નોટીફીકેશનની નકલ સામેલ રાખેલ નથી.

(૩) સદર દરખાસ્તમાં એનેક્ષર-૧૫ ના પેટામાં તેઓના દ્વારા કલેકટરશ્રી ગાંધીનગરને કરવામાં આવેલ અરજીની નકલ તથા એફ.આર.એ.પ્રમાણપત્ર સામેલ રાખેલ નથી.

(૪) એનેક્ષર-૧૬ માં અત્રેથી સામેલ રાખવાની થતી વિગતમાં પ.વ.અ.દ્વારા મળેલ અહેવાલ મુજબ નડતરરૂપ વૃક્ષ દુર કરવાની સંખ્યામાં ૧૨૮૯+૧૩૩=૧૪૨૨ વૃક્ષ દર્શાવેલ છે. તો હકીકતે સ્થળ પર ઉકત તમામ વૃક્ષ દુર કરવા ખુબ જ અનિવાર્ય છે કે કેમ? તથા ઉકત સંખ્યા કેટલા નડતરરૂપ વૃક્ષ બચાવી શકાય તેમ છે અથવા ટ્રી-ટ્રાન્સપ્લાન્ટ પધ્ધતિથી બચાવી શકાય તેમ છે? તે અંગેનો પુન: સંયુકત સ્થળ ચકાસણી અહેવાલ કરવા વિનંતી.

(૫) એનેક્ષર-૭ માં ગાંધીનગર ક-૭ થી બાલવા રોડ સુધી વિગત દર્શાવેલ છે. હકીકતે દરખાસ્તમાંસામેલ એનેક્ષર-૨૮ ના પેટામાં રાખેલ ટોપોશીટ મેપમાં રેલ્વે ક્રોસીંગ બાદ થી બાલવા ક્રોસ રોડ સુધીનો રૂટ દર્શાવેલ છે.

(૬) એનેક્ષર-૩૦, ૩૨, ૩૪ સાથે સામેલ મેપમાં ઓથોરાઇઝડ અધિકારી / કર્મચારી ના સહી સિકકા સામેલ નથી.

(૭) એનેક્ષર-૩૧ માં સામેલ ક્રોસ સેકશન મેપમાં દર્શાવેલ વિગત જે એનેક્ષર-૭ સાથે સુસંગત નથી. જેમાં હાલનો હયાત રોડ તથા બન્ને તરફ રોડ પહોળો કરવાની થતી વિગત સ્પષ્ટ થઇ આવતી નથી.

(૮) સદર દરખાસ્તમાં ઓનલાઇન અપલોડ કરેલ કે.એમ.એલ. ફાઇલના વિસ્તાર જે દરખાસ્તમાં દશાર્વેલ વિસ્તાર સાથે સુસંગત નથી.

(૯) સદર દરખાસ્તમાં ઓનલાઇન અપ્લોડ કરેલ મેપ જે ઓથોરાઇઝડ અધિકારી / કર્મચારીના સહી સિકકા કરેલ નથી.

(૧૦) ઓનલાઇન એફ.આર.એ. સર્ટીફીકેટ અપલોડ કરવામાં આવેલ નથી.

ઉપરોકત દર્શાવેલ ક્ષતિઓનો સુધારા–પૂર્તતા અહેવાલ તાત્કાલીક દીન–૩માં મુદાવાર કરવા વિનંતી છે. જેથી સદર દરખાસ્તની મંજુરીની ઘટતી કાર્યવાહી સત્વરે હાથ ધરી શકાય.

**નાયબ વન સંરક્ષક**
**ગાંધીનગર વન વિભાગ**
**ગાંધીનગર**

**નકલ રવાના:–** પ.વ.અ.બોરીજ તથા કલોલ તરફ જાણ તથા જરૂરી થવા સારૂ.